The Upanishads…

The Upanishads, being vehicles of illumination and not of instruction, composed for the seekers who had already a general familiarity with the ideas of the Vedic and Vedantic seers and even some personal experience of the truths on which they were founded…

The central idea of the Isha Upanishad, which is a reconciliation and the harmony of fundamental opposites, is worked out symmetrically in four successive movements of thought.

– Sri Aurobindo

ઉપનિષદો...

ઉપનિષદો અધ્યાત્મ પ્રકાશનાં વાહનો છે, ઉપદેશના નહીં: વેદ ના અને વેદાન્તના દ્રષ્ટાઓના વિચારોનો જેમને સાધારણ પરિચય હોય અને જે સત્યો ઉપર તેમનું મંડાણ થયેલું છે તેમનો જેમને થોડોક અંગત અનુભવ હોય તેવા સાધકો માટે ઉપનિષદોની રચના કરવામાં આવેલી છે...

આ ઈશોપનિષદનો કેન્દ્રીભૂત વિચાર મૂળે જે પરસ્પર વિરોધી છે તે વસ્તુઓનું સમાધાન સાધવાનું ને એમને સંવાદિત બનાવવાનું કાર્ય કરે છે ને એક પછી એક આવતાં વિચારનાં ચાર આન્દોલનો દ્વારા બધી બાજુઓએ બંધબેસતો બને એવો એનો સુમેળ સાધવામાં આવ્યો છે.

'ઈશોપનિષદ' માંથી.

– શ્રી અરવિન્દ

અનુ. પૂજાલાલ

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity
શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2026
NOVEMBER
૧ નવેમ્બર, ૨૦૨૬

O Fosterer !
હે પુષ્ટીદાતા !

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ १५ ॥

ईशा उपनिषद ।

The face of Truth is covered with a brilliant golden lid; that do thou remove, O Fosterer, for the law of the Truth, for sight.

– Sri Aurobindo

ઝગમગ કરતા સોનેરી ઢાંકણ વડે સત્યનું મુખ ઢંકાયેલું છે; હે પુષ્ટિદાતા પૂષન્ ! તું એને આઘું ખસેડી દે, જેથી સત્યના ધર્મનું અમને દર્શન થાય, સત્ય જોનારી દ્રષ્ટિ અમને પ્રાપ્ત થાય.

– અનુ. પૂજાલાલ

Fosterer

In the inner sense of the Veda Surya, the Sun-God, represents the divine illumination of the Kavi which exceeds mind and forms the pure self-luminous Truth of things. His principal power is self-revelatory knowledge, termed in the Veda "Sight". His realm is described as the Truth, the Law, the Vast. He is the Fosterer or Increaser, for he enlarges and opens man's dark and limited being into a luminous and infinite consciousness. He is the sole Seer, Seer of Oneness and Knower of the Self, and leads him to the highest Sight. He is Yama, Controller or Ordainer, for he governs man's action and manifested being by the direct law of the Truth, *satyadharma*, and therefore by the right principal of our nature, *yāthātathyataḥ*. A luminous power proceeding from the Father of all existence, he reveals in himself the divine Purusha of whom all beings are the manifestations. His rays are the thoughts that proceed luminously from the Truth, the Vast, but become deflected and distorted, broken up and disordered in the reflecting and dividing principle, Mind. They form there the golden lid which covers the face of the Truth. The Seer prays to Surya to cast them into right order and relation and then draw them together into the unity of revealed truth. The result of this inner process is the perception of the oneness of all beings in the divine Soul of the Universe.

From ISHA UPNISHAD

– Sri Aurobindo

પુષ્ટિદાતા...

पूषन्... વેદ ના આંતરિક અર્થમાં સૂર્ય એટલે કે સવિતૃદેવ કવિની દિવ્ય દીપ્તિનું પ્રતીક બનેલો છે. આ દીપ્તિ મનની મર્યાદાને પાર કરી જાય છે અને વસ્તુઓના વિશુદ્ધ સ્વયંજ્યોતિ સત્યને આકાર આપે છે. વેદમાં જેને 'દૃષ્ટિ' કહી છે તે આપોઆપ આવિર્ભાવ પામતું જ્ઞાન છે એની પ્રધાન શક્તિ. સત્ય, ધર્મ, બૃહત્ શબ્દો વડે એના રાજ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્યના તમોગ્રસ્ત અને સીમાબદ્ધ આત્માને એ વિશાળ બનાવે છે અને એને જ્યોતિર્મયી અનંત ચેતના પ્રતિ ખુલ્લો કરે છે. આથી એને पूषन् એટલે કે પોષણ આપનાર કહેવાય છે. એક માત્ર દ્રષ્ટા એ છે, એ છે એકતાનો દ્રષ્ટા, એ છે આત્માનો જ્ઞાતા અને એ માનવને ઉચ્ચમાં ઉચ્ચ દૃષ્ટિ પ્રતિ દોરીને લઈ જાય છે. એ છે યમ, નિયંત્રક કે વિધાતા, કારણ કે સત્યના નિયમ દ્વારા, સત્યધર્મ દ્વારા એ માનવના કાર્યની અને પ્રકટતા પામેલા સ્વરૂપની ઉપર શાસન ચલાવે છે અને તેથી આપણા સ્વભાવના મૂળ તત્ત્વને લક્ષ્યમાં લઈ, याथातथ्यत: , સત્યના અપરોક્ષ ધર્મ અનુસાર એ એનો પ્રભાવ આપણામાં પ્રવર્તાવે છે. સમસ્ત સૃષ્ટિના પિતામાંથી એની પ્રભાપ્રભાવી શક્તિ પ્રકટ થાય છે અને ભૂતમાત્ર જેનો આવિર્ભાવ છે તે દિવ્ય પુરુષનો એ પોતાની અંદર પ્રાદુર્ભાવ કરે છે. સત્યમાંથી, બૃહત્માંથી દીપ્તિમંત સ્વરૂપે પ્રવૃત્ત થતા વિચારો એનાં રશ્મિઓ છે, પરંતુ મન રૂપે પ્રતિબિંબિત કરનાર અને ભેદભાવી બનાવનાર તત્ત્વમાં એ બીજી દિશાએ વળી જાય છે, વિકૃતભાવ પામે છે, છિન્ન-ભિન્ન અને અવ્યવસ્થિત બની જાય છે. પરિણામે તે સત્યના મુખને ઢાંકી દેનારું સોનેરી ઢાંકણું બની જાય છે. દ્રષ્ટાની સૂર્ય પ્રતિ પ્રાર્થના છે કે એ રશ્મિઓ યથાયોગ્ય વ્યૂહમાં ઢળાય ને પરસ્પર સાચા સંબંધમાં સંયોજાઈ જાય ને એ રીતે એકત્ર થઈને સત્યની એકરૂપતાનો આવિર્ભાવ કરે, ને આ આખી આંતરિક પ્રક્રિયાના પરિણામ રૂપે વિશ્વના દિવ્ય આત્મામાં સમસ્ત ભૂતોની એકતાનો અનુભવ કરાવે.

'ઈશોપનિષદ' માંથી,

– શ્રી અરવિન્દ

અનુ. પૂજાલાલ